# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14

જા.નં. 07 /ગૂવિ/કાનૂની/APAR/કે-1/2019 તા.06/04/2019

વિષયઃ- વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (APAR) ભરીને મોકલી આપવા બાબત

## -:પરિપત્ર :-

ગૂજરાત વિદ્યાપીઠના સેવક-સેવિકાઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (APAR) તા.01/04/2018 થી 31/03/2019 સુધીના ભરવાના છે. દરેક વિભાગ/કેન્દ્ર/કચેરીને જે તે સંવર્ગના કામગીરી મૂલ્યાંકન અહેવાલના ફોર્મ ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટના સ્ટાફ કોર્નરમાં મૂકેલ છે. વિદ્યાપીઠની માર્ગદર્શિકાની કલમ-3.6 મુજબ અહેવાલ લખનાર અધિકારીએ 30મી એપ્રિલ સુધીમાં અહેવાલ લખીને સમીક્ષક અધિકારીને અચૂક મોકલી આપવા અને સમીક્ષક અધિકારીએ આ અહેવાલો તા.31મી મે સુધીમાં સમીક્ષા કરીને જાળવણી કરનાર અધિકારી (કુલસચિવ) ને મોકલી આપવા. તમામ વિભાગો/કેન્દ્રો/ કચેરીઓએ તેમના <u>કામગીરી મૂલ્યાંકન અહેવાલો ફોરવર્ડીંગ પત્ર અને અલગ કાગળમાં સેવકોની યાદી સાથે મોકલી આપવા.</u>

વિદ્યાપીઠની પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કુમાર/કન્યા શાળાઓએ ગુજરાત સરકાર તરફથી ખાનગી અહેવાલ/કામગીરી મૂલ્યાંકન અહેવાલનું જે ફોર્મ નક્કી કરેલ છે તે મુજબ ભરીને એક નકલ અત્રે મોકલી આપવી. વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોએ આઈ.સી.એ.આર. દ્વારા નક્કી કરેલા ફોર્મમાં આવા અહેવાલો ભરવા.

વિદ્યાપીઠના સેવકોના કામગીરી મૂલ્યાંકન અહેવાલો નવા ફોર્મ મુજબ ભરવા. <u>નિયત કરેલા ફોર્મ સિવાયના કોઈ ફોર્મનો અહેવાલ લખનાર અધિકારીએ ઉપયોગ કરવાનો નથી.</u> નિયત પત્રકો ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ ઉપર સ્ટાફ કોર્નર પરથી મેળવી શકાશે.

કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખતાં કે ભરતી વખતે વિદ્યાપીઠની વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવા અંગેની માર્ગદર્શિકા અચૂક ધ્યાને લેવી.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

<u>નકલ રવાનાઃ-</u>

વિદ્યાપીઠના તમામ વિભાગો/કેન્દ્રો/કચેરીઓ તરફ અમલ થવા સારું.